# ઉચ્ચ શિક્ષણમાં અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓમાં જોવા મળતું વૈવિધ્ય

ડૉ. હરેશભાઈ બી સુથાર
સમાજશાસ્ત્ર વિભાગ,
એમ. એમ. ગાંધી આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, કાલોલ

**સારાંશ:**
*ભારતીય સમાજમાં અન્ય પછાત વર્ગનો સમુદાય જુદા જુદા ભૌગોલિક વિસ્તારમાં વસે છે આથી અન્ય પછાત વર્ગ જાતિઓમાં જાતિ તત્વો, ભાષા, અને સાંસ્કૃતિક સ્તર વગેરેમાં તફાવત રહેલા છે. અન્ય પછાત વર્ગનો સમુદાય સમગ્ર ભારતીય સમાજ રચનાનો મહત્વનો અંગ છે. આ સમુદાય દેશના સામાન્ય શહેરી અને ગ્રામીણ વિસ્તારોની એકંદરે પછાત અવસ્થામાં જીવન જીવે છે. ભારતના સામાન્ય નાગરિકની તુલનામાં આર્થિક શૈક્ષણિક પછાતપણું ભોગવે છે. સ્વતંત્રતા પછી ધીમે ધીમે ઉચ્ચ શિક્ષણમાં અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. પ્રસ્તુત સંશોધન દ્વારા વર્તમાન સમયમાં અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓમાં જોવા મળતી વૈવિધ્યતા જાણી શકાશે. વિદ્યાર્થીઓની શારીરિક, આરોગ્યલક્ષી, આર્થિક,કૌટુંબીક, સામાજીક, ધાર્મિક, નૈતિક અને શૈક્ષણિક સમસ્યાઓ જાણવાનો પ્રયત્ન કરેલ છે.*

---

**ચાવીરૂપ શબ્દો :** *અન્ય પછાત વર્ગ, વર્તમાન પ્રવાહમાં વિદ્યાર્થીઓમાં જોવા મળતી વૈવિધ્યતા, શારીરિક, આરોગ્યલક્ષી, આર્થિક, કૌટુંબિક, સામાજીક, ધાર્મિક, નૈતિક અને શૈક્ષણિક સમસ્યાઓ*

---

## ૧. પ્રસ્તાવના :

આજે સંપૂર્ણ વિશ્વમાં શિક્ષણનો અભ્યાસ વધતો જે રહ્યો છે. બધા માટે શિક્ષણ મૂળભૂત જરૂરિયાત બની ગયું છે. જેમણે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું હોય તેમણે સમયની સાથે ચાલવું પડશે અને તે શિક્ષણના માધ્યમથી જ શક્ય બનશે. આજે ઉચ્ચ કે નિમ્ન પ્રત્યેક જ્ઞાતિના લોકો શિક્ષણ મેળવીને પોતાના સમુદાયને સ્થાપિત કરવા પ્રયત્ન કરે છે. આજે અન્ય પછાત વર્ગની જ્ઞાતિઓના લોકોમાં પણ શિક્ષણ દ્વારા પોતાના જીવનને સમૃદ્ધ અને સુસંસ્કૃત બનાવવા તરફ પ્રયાણ કરી રહ્યા છે. પોતાનો તથા સમાજનો વિકાસ કરી રહ્યા છે. દેશની પ્રગતિ માટે તેમજ વિકાસ માટે દરેક જ્ઞાતિ તથા સમાજના લોકો આગળ આવે અને પોતાનું વિશિષ્ટ પ્રદાન કરે તે આધુનિક સમયની માંગ છે. ભારતીય સમાજમાં અન્ય પછાત વર્ગનો સમુદાય જુદા જુદા ભૌગોલિક વિસ્તારમાં વસે છે આથી અન્ય પછાત વર્ગ જાતિઓમાં જાતિ તત્વો, ભાષા, અને સાંસ્કૃતિક સ્તર વગેરેમાં તફાવત રહેલા છે. અન્ય પછાત વર્ગનો સમુદાય સમગ્ર ભારતીય સમાજ રચનાનો મહત્વનો અંગ છે. આ સમુદાય દેશના સામાન્ય શહેરી અને ગ્રામીણ વિસ્તારોની એકંદરે પછાત અવસ્થામાં જીવન જીવે છે. ભારતના સામાન્ય નાગરિકની તુલનામાં આર્થિક શૈક્ષણિક પછાતપણું ભોગવે છે. સ્વતંત્રતા પછી ધીમે ધીમે ઉચ્ચ શિક્ષણમાં અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે.

પ્રસ્તુત અભ્યાસક્ષેત્રની વિદ્યાશાખામાં અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓનું મહતમ પ્રમાણ જોવા મળે છે. આ વિદ્યાર્થીઓમાંથી ૧૨૦ વિદ્યાર્થીઓને હેતુપૂર્વક નિદર્શન દ્વારા પસંદ કરીને આ અભ્યાસ કરવામાં આવેલો છે. શિક્ષક તરીકે વિદ્યાર્થીઓનું ખૂબ જ નજીકથી નિરીક્ષણ પણ સંશોધકે કરેલ છે. આ સંશોધનમાં સહભાગી નિરીક્ષણ પદ્ધતિ

અપનાવેલી છે. અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓ સાથે રોજબરોજનું નાતો જોડાતા કેટલીક બાબતો નિરીક્ષણ દ્વારા પ્રાપ્ત થયેલ છે.

**૨. સમસ્યા કથન**

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની એમ.એમ.ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓમાં જોવા મળતું વૈવિધ્ય જાણવું.

**૩. સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ મુજબ હતા.

૧. વિદ્યાર્થીઓની આર્થિક- સામાજિક વિષયક વૈવિધ્ય જાણવું.
૨. વિદ્યાર્થીઓની શારીરિક અને આરોગ્ય વિષયક વૈવિધ્ય જાણવું.
૩. વિદ્યાર્થીઓની ધાર્મિક નૈતિક વિષયક વૈવિધ્ય જાણવું.
૪ વિદ્યાર્થીઓની શૈક્ષણિક વિષયક વૈવિધ્ય જાણવું.

**૪. સંશોધનનું મહત્ત્વ**

પ્રસ્તુત સંશોધન દ્વારા વર્તમાન સમયમાં અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓમાં જોવા મળતી વૈવિધ્યતા જાણી શકાશે. વિદ્યાર્થીઓની શારીરિક, આરોગ્ય, આર્થિક , કૌટુંબીક, સામાજીક, ધાર્મિક, નૈતિક અને શૈક્ષણિક સમસ્યાઓ જાણી શકાશે.

**૫. નમૂનાની પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં કાલોલ તાલુકા માં આવેલી એમ.એમ.ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની સહેતુક નમુના પસંદગી પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવી છે. વિદ્યાશાખામાં અભ્યાસ કરતા અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓમાંથી એફ.વાય.બી.એ.ના ૨૦ વિદ્યાર્થીઓ ૨૦ વિદ્યાર્થીનીઓ, એસ.વાય.બી.એના ૨૦ વિદ્યાર્થીઓ ૨૦ વિદ્યાર્થીનીઓ અને ટી.વાય.બી.એ.ના ૨૦ વિદ્યાર્થીઓ ૨૦ વિદ્યાર્થીનીઓ આમ કુલ ૧૨૦ પ્રાપ્ય નિર્દેશ પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યા છે.

**૬. ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓની વિવિધ સમસ્યાનો અભ્યાસ કરવા માટે મુલાકાત અનુસૂચિ તેમજ નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**૭. પ્રાપ્ત માહિતીનું પૃથકરણ**

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓ સાથે મુલાકાત અને નિરીક્ષણ કરીને પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા માટે ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**૮. તારણો**

અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓ માન્ય ભાષાની અભિવ્યક્તિની તકલીફને કારણે મૌન રહેવાનું પસંદ કરે છે. મોટેભાગે ચર્ચા વાદ-વિવાદ સંવાદ દલીલ કે વિરોધ થી દૂર રહે છે. ૧૨૦ વિદ્યાર્થીઓમાંથી એક પણ વિદ્યાર્થીએ અભ્યાસ કરતી વખતે અભ્યાસક્રમ સિવાયનું બીજું પુસ્તક ભાગ્યે જ વાંચ્યું હતું. તેઓએ બારમા ધોરણ સુધી પરીક્ષાલક્ષી જ વાંચ્યું હોય તેવું જણાય છે. સાદી અરજી લખતા બાયોડેટા બનાવતા કે પોતાની ઓળખ આપતા તેમને ફાવતું નથી. સાહિત્યના

વિવિધ સ્વરૂપોથી તેઓ અજાણ છે. ૮૦ ટકા વિદ્યાર્થીઓ ગ્રંથાલયનો ઉપયોગ કરતા નથી. ૮૧ ટકા વિદ્યાર્થીઓએ નેતાઓના માત્ર નામ સાંભળેલ છે. નેતા વિષે જાજી માહિતી ધરાવતા નથી. અનામત અંગે તેમને સંપૂર્ણ ખ્યાલ છે. સ્કોલરશીપ અંગે તેઓ વાકેફ છે. તેવો મહદઅંશે શિક્ષણ સિવાય રમતગમત, ટ્રેકિંગ, વકૃત્વ સ્પર્ધા કે વ્યક્તિત્વ વિકાસ જેવી પ્રવૃત્તિઓમાં જોડાતા નથી. પહેરવેશ મોટેભાગે બધા જેવો જ પરંતુ આર્થિક અનુકૂળતા મુજબ જોવા મળે છે.

કોલેજની સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં તેઓ ખાસ ભાગ લેતા નથી. ૭૦ ટકા વિદ્યાર્થીઓ બી.એડ કરીને શિક્ષક થવા માંગે છે. અલબત્ત, શિક્ષકના વિકાસની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા નથી. આ વિદ્યાર્થીઓ સારા શિક્ષક થાય તે માટે વાંચનની ટેવ બહુ જરૂરી છે. જેનો અભાવ આ વિદ્યાર્થીઓમાં જોવા મળે છે.

અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓની સામાજિક આર્થિક પાર્શ્વભૂમિકા તપાસતા જણાયું કે ૮૦ ટકા વિદ્યાર્થીઓની માતા અશિક્ષિત છે તેમજ ૬૫ વિદ્યાર્થીઓના પિતા અશિક્ષિત જોવા મળ્યા. ૮૫ ટકા વિદ્યાર્થીઓના પિતા મજૂરી કરે છે. ૮૧ ટકા વિદ્યાર્થીઓના દાદા દાદી હયાત નથી.

ઉચ્ચ શિક્ષણ માટે કાલોલ શહેર તેમજ કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી વિદ્યાર્થીઓ કોલેજમાં અભ્યાસ કરવા આવે છે. ૮૫ ટકા વિદ્યાર્થીઓ મોબાઈલનો ઉપયોગ કરે છે. જે વર્તમાન સમયમાં પરિવર્તિત સમાજ તરીકે જોવા મળે છે. પુરુષ વિદ્યાર્થીઓમાં ૬૨ ટકા વિદ્યાર્થીઓના વાળની સ્ટાઈલમાં ફેરફાર કરેલ જણાય છે. અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓ ધીમે ધીમે વતનમાં જે સગવડ નથી તે અંગે જાગૃત થયા છે. ૧૨ ટકા વિદ્યાર્થીઓ વ્યવસાય પ્રાપ્તિ માટે તૈયારી કરે છે. આથી તેઓ ચોક્કસ પ્રકારના વર્ગો ભરે છે. વ્યક્તિત્વ વિકાસના ગંભીર પ્રયત્નો કરે છે.

શિક્ષણ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓમાં તેમના સમાજ અંગે વૈવિધ્ય જોવા મળે છે ૭૫ ટકા વિદ્યાર્થીઓ પોતાના સમુદાયના વિવિધ પ્રકારો જાણતા નથી. ૬૨ ટકા વિદ્યાર્થીઓ મૃત્યુ અને લગ્ન અંગેની તમામ પરંપરાઓ એ પદ્ધતિઓથી વાકેફ છે. ૭૧ ટકા વિદ્યાર્થીઓ ખૂબ જ ગરીબ પરિવારમાંથી આવે છે. સરકારી યોજનાઓના કારણે તેઓ શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. કારકિર્દી અંગે તેમને સવાલ પૂછતા તેઓ હજી તે અંગે ઝાઝી માહિતી ધરાવતા નથી. લગભગ ૮૨ ટકા વિદ્યાર્થીઓનો ધર્મ અંગેનો ખ્યાલ પરિવર્તન પામતો જણાય છે.

વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ યોગ્ય રીતે પ્રાપ્ત કરે તે માટે વિશિષ્ટ તાલીમની આવશ્યકતા છે. ૬૫ ટકા વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષામાં તકલીફ પડે છે. ૭૭ ટકા વિદ્યાર્થીઓ રાજકીય બાબતોમાં જાગૃત છે અને તેઓ પોતાના મતદાન અંગે યોગ્ય પ્રમાણમાં માહિતી ધરાવે છે. ૧૫ ટકા વિદ્યાર્થીઓ રાજકારણમાં દાખલ થઈને નેતા બનવા અંગે રસ ધરાવે છે.

૮૫ ટકા વિદ્યાર્થીઓ આછી પાતળી નોકરીથી સંતોષ માનતા જણાય છે. કારકિર્દી બાબતમાં ૧૮ ટકા વિદ્યાર્થીઓ સરકારી નોકરીનો પાકો ધ્યેય દર્શાવે છે. સરકારી નોકરી બધું જ મેળવવાનો રાજમાર્ગ છે તેવું તેવો માને છે સમજ વધારવાનો કે અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓને જાગૃત કરવાનો કે મદદ કરવાનો ખ્યાલ આ વિદ્યાર્થીઓમાં ઓછો જણાય છે. ટૂંકમાં ઉમદા ગુણોના વિકાસ માટેની તાલીમ ખૂબ જરૂરી છે.

વિદ્યાર્થીઓની શારીરિક અને આરોગ્ય વિશે એક સમસ્યા અંગે પૂછતા જાણવા મળ્યું કે તેઓ જોઈએ યોગ્ય પ્રમાણમાં તંદુરસ્તી જાળવતા નથી, જલ્દી કંટાળો અનુભવે છે, લાંબો સમય વાંચી શકતા નથી જેથી યાદ શક્તિ ઓછી છે તેવું અનુભવે છે.

વિદ્યાર્થીઓની આર્થિક સમસ્યા અંગે પૂછતા જાણવા મળ્યું કે તેઓ ઘરની આર્થિક સ્થિતિ નબળી જોઈને બેચેની અનુભવે છે અને ઘરની પરિસ્થિતિ નબળી હોવાથી બરાબર ભણી શકાતું નથી તેવું અનુભવે છે. કૌટુંબીક સામાજિક સમસ્યાઓ અંગે પૂછતા જાણવા મળ્યું કે માતા પિતા તેમની પાસે વધારે અપેક્ષા રાખે છે.

ધાર્મિક- નૈતિક સમસ્યાઓ અંગે પૂછતાં જણાવ્યું કે ધર્મના નામે આડંબર થાય છે તે તેઓને પસંદ નથી , સાચું શું અને ખોટું શું તે કેટલીક વાર સમજાતું નથી.ઘણીવાર પ્રમાણિક રહી શકાતું નથી માટે ધાર્મિક પુસ્તકો વિશે નિત્ય અભ્યાસ કરવો તેવું માને છે.

શૈક્ષણિક સમસ્યા અંગે માહિતી આપતા જણાવ્યું કે અભ્યાસમાં સારા માર્ક્સ મેળવવાની ચિંતા રહે છે, ભણ્યા પછી ભવિષ્યમાં હું શું કરીશ તેની ચિંતા રહે છે,સમયસર અભ્યાસ કરી શકાતો નથી, અમુક વિષયમાં રસ પડતો નથી અને વિદ્યાર્થીઓની લાગણી કેટલાક શિક્ષકો સમજતા નથી એવું અનુભવે છે.

**સંદર્ભસૂચિ**

૧. આચાર્ય, મોહિની, (૨૦૦૮). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, અક્ષર પબ્લીકેશન, અમદાવાદ.
૨. પટેલ, આર.એસ (૨૦૦૮). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ, જય પબ્લીકેશન,અમદાવાદ.
૩. શાહ,દીપિકા.બી.(૨૦૦૪). શૈક્ષણિક સંશોધન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ. પૃષ્ઠ ૩૪૧
૪. પારેખ, બી.યુ. અને અન્ય (૧૯૯૪). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર, અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
૫. દેસાઈ, કે. જી અને અન્ય (૧૯૯૪). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના, અમદાવાદ. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.